# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 07-08-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

- રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ આજેથીન્યૂઝીલેન્ડની બે દિવસની મુલાકાતે પહોંચ્યા
- નવ રાજ્યોની ખાલી પડેલી રાજ્યસભાની 12 બેઠકો માટે 3 સપ્ટેમ્બરે ચૂંટણી યોજાશે
- દેશનાં 1702 રેલવે સ્ટેશન પર 1936 એક સ્ટેશન-એક ઉત્પાદન કેન્દ્ર કામ કરી રહ્યા છે
- આગામી ચાર દિવસ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી
- પેરિસ ઓલિમ્પિકમાં કુશ્તીબાજ વિનેશ ફોગાટને ગેરલાયક ઠરાવવામાં આવ્યા – યુનાઇટેડ વર્લ્ડ રેસલીંગ સમક્ષ ભારતીય ઓલિમ્પિક એસોસિએશનની અપીલ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV. PRESIDENT NEWZEALAND

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ આજથી ન્યૂઝીલેન્ડની બે દિવસની મુલાકાતે પહોંચ્યા છે. ઓકલેન્ડ ખાતે ન્યૂઝીલેન્ડના કૃષિ અને વિદેશી બાબતોના સહ-મંત્રી ટોડ મૈકલે તથા ન્યૂઝીલેન્ડમાંભારતના હાઇ કમિશનર નીતા ભૂષણે વિમાનમથકે તેમનું સ્વાગત કર્યું હતું. સુ શ્રી મુર્મૂ આવતી કાલે રાજધાની વેલિંગ્ટનની મુલાકાત લેશે. ગવર્મેન્ટ હાઉસ ખાતે તેમનું ઔપચારિક સ્વાગત કરવામાં આવશે અને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. તેઓ ન્યૂઝીલેન્ડના ગવર્નર જનરલ કિરો અને પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લુક્સોન સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. સુશ્રી મુર્મૂ એકશિક્ષણ સંમેલનને સંબોધન કરશે અને ત્યાં વસતા ભારતીય સમુદાયના લોકો સાથે સંવાદ કરશે.

## ELECTION COMMISSION RAJYASABHA

નવ રાજ્યોની ખાલી પડેલી રાજ્યસભાની 12 બેઠકો માટે 3 સપ્ટેમ્બરે ચૂંટણી યોજાશે. કેન્દ્રીય ચૂંટણી પંચે આજે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, 14 ઓગસ્ટે આ અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ થશે. ઉમેદવારો 21 ઓગસ્ટ સુધી ઉમેદવારી પત્ર ભરી શકે છે. ઉમેદવારી પત્રોની ચકાસણી 22મીએ થશે,

## DHAKA ADVISORY

બાંગલાદેશના ઢાકામાં ભારતના હાઇ કમિશને ત્યાં રહેતા ભારતીય નાગરિકો માટે સલાહ જારી કરી છે. કમિશને તેની એડવાઇઝરીમાં કહ્યું છે કે, બાંગલાદેશની વર્તમાન સ્થિતને ધ્યાનમાં રાખતા ત્યાં રહેતા ભારતીય સમુદાયના સભ્યો અને વિદ્યાર્થીઓને સ્થાનિક મુસાફરી ટાળવાની અને ઘરની બહાર અવરજવર મર્યાદિત કરવાની સલાહ આપવામાં આવે છે.

હાઇ કમિશને વધુમાં જણાવ્યું છે કે, કટોકટીની સ્થિતિમાં અથવા કોઈ પણ મદદ માટે ભારતીય નાગરિકો હાઇ કમિશન અને આસિસ્ટન્ટ હાઇ કમિશનનો ગમે ત્યારે સંપર્ક સાધી શકે છે.

## RAILWAY OSOP

સરકારે આજે જણાવ્યું છે કે, દેશનાં એક હજાર સાત સો બે રેલવે સ્ટેશનો પર કુલ એક હજાર નવ સો છત્રીસ એક સ્ટેશન - એક ઉત્પાદન **OSOP** કામ કરી રહ્યા છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં જણાવ્યું કે, કુલ 67 હજાર નવ સો 89 લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો છે.

તેમણે જણાવ્યું કે, ભારતીય રેલવે આ યોજનાને આગળ ધપાવવા માટે સતત પ્રયત્ન કરી રહી છે. રેલવે મંત્રીએ જણાવ્યું કે, માર્ચ 2022થી જુલાઇ 2024 દરમિયાન ઓએસઓપી કેન્દ્રોનું કુલ વેચાણ 79 કરોડ રૂપિયા નોંધાયું હતું.

## SUGARCANE

સરકારે આજે દાવો કર્યો છે કે 2023-24ની વર્તમાન ખાંડ મોસમમાં શેરડીના ખેડૂતોનાં બાકી લેણામાંથી જુલાઇ મહિના સુધીમાં લગભગ 95.3 ટકાની ચૂકવણી કરી દેવામાં આવી છે. લોકસભામાં લેખિત જવાબમાં ગ્રાહક બાબતોના રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું કે, શેરડીના ખેડૂતોનાં બાકી લેણા ચૂકવવા માટે કેન્દ્ર સરકારે વિવિધ પગલાં લીધાં છે.

તેમણે જણાવ્યું કે, 2021-22ની ખાંડની મોસમમાં શેરડીના ખેડૂતોના બાકી લેણામાંથી 99.9 ટકાન ચૂકવણી થઈ ગઈ છે.

## RAHUL GANDHI - WAYANAD LANDSLIDE

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને વાયનાડની ભુસ્ખલન ઘટનાને રાષ્ટ્રીય આપત્તિ જાહેર કરવા વિનંતી કરી છે. લોકસભામાં શૂન્ય કાળ દરમિયાન વાયનાડ ભુસ્ખલનનો મુદ્દો ઉઠાવતા શ્રી ગાંધીએ કેન્દ્ર સરકારને મૃતકો અને ઇજાગ્રસ્તોનાં વળતરમાં વધારો કરવા અને વાયનાડ માટેનાં સર્વગ્રાહી પુનર્વસન પેકેજની જાહેરાત કરવા પણ વિનંતી કરી હતી.

શ્રી ગાંધીએ અસરગ્રસ્તોને રાહત અને મદદ પૂરી પાડવા બદલ કેન્દ્ર અને રાજ્ય સરકારો ઉપરાંત એનડીઆરએફ, એસડીઆરએફ, લશ્કર, નૌકા દળ, તટરક્ષક દળની પ્રશંસા કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

## IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહી કરી છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પૂર્વ મધ્ય પ્રદેશ અને ઉત્તરાખંડમાં આજે ભારે વરસાદ થવાની સંભાવના છે. દરમિયાન તમિલનાડુ, તટીય આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ગોવામાં તેમજ જમ્મુ-કાશ્મીર, પૂર્વ ઉત્તર પ્રદેશ, પૂર્વ રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં આગામી બે થી ત્રણ દિવસ ભારે વરસાદની સ્થિતિ યથાવત રહેશે. આગામી ચાર દિવસ દરમિયાન આસામ અને મેઘાલય સહિત પૂર્વોત્તરના રાજ્યો માટે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આ સપ્તાહ દરમિયાન દિલ્હીમાં વાવાઝોડા અને વીજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

## VINESH PHOGAT DISQUALIFIED

પેરિસ ઓલિમ્પિકમાં ભારતને સુવર્ણ ચંદ્રક અપાવવાના આરે આવેલા કુશ્તીબાજ વિનેશ ફોગાટને સ્પર્ધામાં ગેરલાયક ઠરાવવામાં આવ્યા છે. 50 કિલો વજન વર્ગ વિભાગમાં સ્પર્ધા

કરનારાં ફોગાટનું વજન મર્યાદા કરતા વધુ જણાયું છે. ભારતીય ઓલિમ્પિક મહાસંઘે એક યાદીમાં જણાવ્યું છે કે, સમગ્ર રાત્રિ દરમિયાન ટીમનાં સર્વશ્રેષ્ઠ પ્રયાસો છતાં આજે સવારે ફોગાટનું વજન 50 કિલો કરતાં થોડાંક ગ્રામ વધુ હતું. ભારતીય ઓલિમ્પિક એસોસિએસનના પ્રમુખ પી.ટી.ઉષાએ જણાવ્યું કે, રેસલિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયાએ આ અંગે પુર્નવિચાર કરવા યુનાઇટેડ વર્લ્ડ રેસલિંગને અપીલ કરી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સામાજિક માધ્યમની પોસ્ટમાં જણાવ્યું કે, તેઓ ઘડીએ કુશ્તીબાજ ફોગાટની નિરાશામાં સહભાગી છે. ફોગાટ 1 અબજ 40 કરોડ ભારતીયોનાં હૃદયમાં ચેમ્પિયન છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફોગાટને સાંત્વના આપી હતી. એક સામાજિક માધ્યમ પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું કે, કુશ્તીબાજ ફોગાટ ચેમ્પિયનોમાં પણ ચેમ્પિયન છે. તેઓ ભારતનું ગૌરવ છે અને દરેક ભારતીય માટે પ્રેરણા સમાન છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પણ આ અંગે નિરાશા વ્યક્ત કરી હતી.

કેન્દ્રીય રમતગમત મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, ભારતીય ઓલિમ્પિક એસોસિએશને વિનેશ ફોગાટને ગેરલાયક ઠરાવવા મુદ્દે યુનાઇટેડ વર્લ્ડ રેસલિંગ સમક્ષ વિરોધ ઉઠાવ્યો છે. શ્રી માંડવિયાએ લોકસભામાં આ અંગે નિવેદન આપતાં જણાવ્યું કે...

**(Byte-Mansukh Mandaviya)**

મહિલાઓનાં 53 કિલો વજન વર્ગમાં અંતિમ પંઘલ તુર્કિયેના ઝાયનેપ યેતગિલ સામે હારી ગયા હતા. મહિલાઓની ટેબલ ટેનિસ ટીમ જર્મની સામે 3-1થી હારી ગઈ હતી. ભાલા ફેંક ખેલાડી અન્નુ રાની ફાઇનલમાં ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહ્યા હતા. મેરેથોન રેસ વોરક મિક્સ્ડ રિલે ઇવેન્ટમાં સુરજ પંવાર અને પ્રિયંકા ગોસ્વામી રેસ પૂર્ણ કરી શક્યા નહોતા.

આવતી કાલે બપોરે 1-13 કલાકે 3000 મીટર સ્ટેપલચેઝ ફાઇનલમાં ભારતના અવિનાશ સાબલે સ્પર્ધા કરશે.

## CBI-COACHING DEATH

કેન્દ્રીય તપાસ સંસ્થા-સીબીઆઇએ તાજેતરમાં દિલ્હીમાં આઇએએસની તાલીમ સંસ્થાનાં ભોંયરામાં પાણી ભરાવાથી ડૂબી ગયેલા ત્રણ યુવકોની મૃત્યુની ઘટનાની તપાસ પોતાને

હસ્તક લીધી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય અગાઉ આ ઘટનામાં તપાસ સમિતિની રચના કરી ચૂક્યું છે.

## KASHMIR BUDDHA AMARNATH

જમ્મુ કાશ્મીરના પુંચ જિલ્લાની લોરાન ખીણમાં આજથી 10 દિવસની શ્રી બાબા બુઢા અમરનાથ યાત્રાનો પ્રારંભ થયો છે, જે 19 ઓગસ્ટે રક્ષાબંધન સુધી ચાલશે. યાત્રા માટેની પ્રથમ ટૂકડી આજે સવારે કડક સલામતી વચ્ચે જમ્મુના ભગવતી નગર સ્થિત યાત્રિ નિવાસથી રવાના થઈ હતી. 700 યાત્રાળુમાં મોટા ભાગનાં ગુજરાત, મધ્યપ્રદેશ અને કર્ણાટકના છે.

એક માન્યતા પ્રમાણે, બાબા બુઢા અમરનાથની યાત્રા વગર અનંતનાગ સ્થિત બાબા અમરનાથની યાત્રા અધુરી ગણાય છે.

## ASEAN PARLIAMENTARY MEETING

આશિયાન ઇન્ટર-પાર્લામેન્ટ્રી અસેમ્બલી – AIPA એડવાઈઝરી ઑન ડેન્જરસ ડ્રગ્સની સાતમી બેઠક આજે લાઓસ ખાતે શરૂ થઈ. ડ્રગ્સ મામલા અંગે સંસદનું ધ્યાન દોરવું અને તેની ભૂમિકાને મજબૂત બનાવવી એ આ બેઠકનું કેન્દ્ર બિંદુ છે.

લાઓસ રાષ્ટ્રીય વિધાનસભાના ઉપ-પ્રમુખ ખમ્બે દામલાથની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં A.I.P.A.ના સભ્ય દેશના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન ખામ્બેએ માદક પદાર્થ સામેના ગુનાઓને રોકવા, અંકુશમાં લાવવા, નિયંત્રણ અને ઉકેલ લાવવા માટે AIPA સભ્ય દેશોના પ્રયાસો માટે પ્રશંસા વ્યક્ત કરી હતી.